પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૦ ૨ નવેમ્બર, ૨૦૧૯, શનિવાર; કારતક સુદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હીમાં હેલ્થ ઈમરજન્સી જાહેર

**દિલ્હી-એનસીઆરમાં એર ક્વાલિટી ઈન્ડેક્સ ખતરનાક સ્તર પર : સ્કુલોમાં રજા : નિર્માણ કાર્યો પર પ્રતિબંધ : દિલ્હીમાં અમુક વિસ્તારોમાં વાયુ પ્રદૂષણમાં પીએમ ૨.૫નું લેવલ : એર ક્વોલિટી ઈન્ડેક્સ અનુસાર ૫૦૦ના ખતરનાક સ્તરે પહોંચ્યુ : કેજરીવાલે વિદ્યાર્થીઓને રક્ષણાત્મક માસ્ક વહેંચી કહ્યું - દિલ્હી અત્યારે ગેસ ચેમ્બર બની ગઇ છે : દિલ્હી ઉપરાંત યુપીના ૮ શહેરો ખતરનાક વાયુ પ્રદુષણના સકંજામાં**

નવી દિલ્હી,તા. ૧

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી અને એનસીઆરમાં એર ક્વાલિટી ઈન્ડેક્સ ખતરનાક સ્તર પર પહોંચી જતા હેલ્થ ઈમરજન્સીની જાહેરાત કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી એજન્સીએ ગેસ ચેમ્બર જેવી સ્થિતીની ગંભીર નોંધ લઈને પબ્લિક હેલ્થ ઈમરજન્સીની જાહેરાત કરી છે. પર્યાવરણ પ્રદુષણ નિયંત્રણ સત્તા (ઈપીસીએ) દ્વારા પ્રદુષણ પર અંકુશ મુકવાના હેતુથી પાંચમી નવેમ્બર સુધી દિલ્હી-એનસીઆરમાં નિર્માણ કાર્ય પર સંપૂર્ણ પણે પ્રતિબંધ મુકવાની





જાહેરાત કરી દેવામાં આવી છે. જો કે આ પ્રતિબંધ માત્ર સાંજે છ વાગ્યાથી લઈને સવારે છ વાગ્યા સુધી અમલી રહેશે. પ્રદુષણના કારણે દિલ્હીની તમામ સ્કુલોમાં પાંચમી નવેમ્બર સુધી રજા જાહેર કરી દેવામાં આવતા ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. દિલ્હીમાં પ્રદુષણના સ્તરનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે તે ભારતના સૌથી પ્રદુષિત શહેરોની યાદીમાં સામેલ છે. સાથે સાથે દુનિયાના સૌથી પ્રદુષિત શહેર તરીકે છે. હવે પર્યાવરણ પ્રદુષણ નિયંત્રણ સત્તા દ્વારા દિલ્હી, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને અન્યોના મૂખ્ય સચિવોને પત્ર લખીને જરૂરી પગલા લેવા માટેના આદેશ જારી કરી દીધા છે. ઈપીસીએના ચેરમેન ભુરેલાલે કહ્યુ છે કે દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદુષણના સ્તરમાં ઘટાડો થઈ રહ્યો છે. સાથે સાથે હવે ખુબ ગંભીર સ્થિતી થઈ ગઈ છે. અમને આને પબ્લિક હેલ્થ ઈમરજન્સી તરીકે લેવાની જરૂર છે. કારણ કે આની લોકો પર અને ખાસ કરીને બાળકો પર વધારે થઈ રહી છે. સચિવોને કહેવામાં આવ્યું છે કે, સ્થિતિ ગંભીર છે. તમામ અંગત દરમિયાનગીરી કરીને આગળ વધે તે જરૂરી છે.

## હવે ઝારખંડમાં જંગ

**વિધાનસભાની ૮૧ બેઠકો માટે ૩૦મીથી પાંચ તબક્કામાં ચૂંટણી યોજાશે : ૨૩મી ડીસેમ્બરે પરિણામ**

નવી દિલ્હી,તા. ૧

મહારાષ્ટ્ર અને હરિયાણામાં વિધાનસભાની ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આજે ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી હતી. આને સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવી ગયો હતો. ૮૧ સીટવાળી વિધાનસભા માટે પાંચ તબક્કામાં મતદાન થશે. ૨૩મી ડિસેમ્બરના દિવસે પરિણામ જાહેર કરવામાં આવશે. આજે ચૂંટણી કાર્યક્રમ જાહેર થતાની સાથે જ ઝારખંડમાં આચારસંહિતા અમલી બની ગઈ છે. પ્રથમ તબક્કામાં ૩૦મી નવેમ્બરના દિવસે, સાતમી ડિસેમ્બરના દિવસે બીજા તબક્કામાં, ૧૨મી ડિસેમ્બરના દિવસે ત્રીજા તબક્કામાં, ૧૬મી ડિસેમ્બરે ચોથા તબક્કામાં અને ૨૦મી ડિસેમ્બરના દિવસે પાંચમા તબક્કામાં મતદાન થશે. ઝારખંડમાં વર્તમાન વિધાનસભાની અવધી પાંચ જાન્યુઆરી ૨૦૨૦ના દિવસે પૂર્ણ થઈ રહી છે. ચૂંટણી પંચ દ્વારા આજે કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવ્યા બાદ રાજકીય પક્ષોમાં ગતિવિધિ વધી ગઈ છે.

## મહારાષ્ટ્રમાં કોકડું વધુ ગુંચવાયું

**લખીને મૂકી દો મુખ્યમંત્રી તો શિવસેનાનો જ હશે : શિવ સેના એકલા હાથે સરકાર બનાવી શકે : સંજય રાઉત**

મુંબઈ,તા. ૧

મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને જોરદાર મડાગાંઠ પ્રવર્તી રહી છે. શિવ સેના અને ભારતીય જનતા પાર્ટી વચ્ચે મુખ્યપ્રધાન પદને લઈને ખેંચતાણ જારી છે.ભારતીય જનતા પાર્ટી અને શિવ સેના વચ્ચે ખેંચતાણ જારી છે. શિવ સેનાના નેતા સંજય રાવતે કહ્યુ છે કે જો શિવ સેના ઈચ્છે તો પોતાની તાકાત પર રાજ્યમાં સરકાર બનાવી શકે છે. તેમણે કહ્યુ છે કે જો શિવ સેના ફેંસલો કરે છે તો તેને સ્થિર સરકાર બનાવવા માટે જરૂરી સંખ્યા મળી શકે છે. જનતાએ ૫૦-૫૦ની ફોર્મ્યુલા પર સરકાર બનાવવા માટે મત આપ્યા છે. જનતા શિવ સેનાના મુખ્યપ્રધાન ઈચ્છે છે. તેમણે કહ્યુ હતુ કે શિવ સેનાના જ મુખ્યપ્રધાન બનશે. ગુરૂવારના દિવસે સંજય રાવતે એનસીપીના નેતા શરદ પવાર સાથે બેઠક યોજી હતી. ત્યારબાદથી જ રાજકીય ગરમી વધી ગઈ છે. તે પહેલા રાવતે ભારતીય જનતા પાર્ટી અને મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસ પર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટીના લોકો અહંકાર કરી રહ્યા છે. શિવ સેના સરકાર બનાવવા માટે કોંગ્રેસ અને એનસીપીનો ટેકો મેળવી શકે છે. બીજી બાજુ શિવ સેનાના મુખ્યપ્રધાન બનાવવાને લઈને પાર્ટી અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે પણ લડાયક દેખાઈ રહ્યા છે. મડાગાંઠ હાલમાં લાંબી ચાલે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે બંને પાર્ટી મક્કમ છે. જો એનસીપી પણ શિવ સેના અને કોંગ્રેસની સાથે આવી જાય તો શિવ સેના સરકાર બનાવી શકે છે. આવી સ્થિતીમાં રાજ્યમાં બિન ભાજપ સરકાર બની શકે છે. જો એનસીપી ભારતીય જનતા પાર્ટીને પણ સમર્થન આપે છે તો સરકાર બની શકે છે. શિવસેનાના નેતા સંજય રાવતના નિવેદન બાદ મહારાષ્ટ્રમાં ખેચતાણ વધી ગઈ છે. કોંગ્રેસ અને એનસીપી પણ મેદાનમાં આવી ગઈ છે. શિવસેનાના નેતા સંજય રાવતે કહ્યું છે કે, તેમની પાર્ટીના નેતા જ મુખ્યમંત્રી બનશે.




